# શ્રીગુરુમાઈના આશીર્વાદ

## શનિવાર, ૨૧ નવેમ્બર, ૨૦૨૦

‘શ્રી’ એ છે જે ચમકે છે.
તેનો અર્થ છે કે નિર્મળ જળ ‘શ્રી’ છે—
જ્યાં બધાં પ્રાણીઓને જીવન મળે છે.

‘શ્રી’ એ છે જે સુંદર છે.
તેનો અર્થ છે કે પ્રત્યેક હ્રદય ‘શ્રી’ છે—
જ્યાં પ્રેમનો અગ્નિ તેજસ્વિતાથી ધધકે છે.

‘શ્રી’ એ છે જે સમૃદ્ધ છે.
તેનો અર્થ છે કે સદ્‌ગુણોથી ભરેલું મન ‘શ્રી’ છે—
જ્યાં પ્રશાંતિ નિવાસ કરે છે.

‘શ્રી’ જીવનના ચાર પૂજનીય લક્ષ્યોમાંથી એક છે.
તેનો અર્થ છે કે જીવન ‘શ્રી’ છે—
જ્યાં ભગવદ્‌પ્રેમ સાચી સંપદા છે.

‘શ્રી’ના પોતાના મર્મમાં, સાચી ઉદારતા છે.
જે કંઈ પણ ‘શ્રી’ છે, તે તો સુંદર જ હોય છે,
તે તો વ્યાપક જ હોય છે.

‘યશસ્’નો અર્થ છે, તેને શ્રેય આપવો
જે વિજયનો સાચો અધિકારી છે.
તેનો અર્થ છે કે ‘યશસ્’ લેવામાં નથી આવતો,
અપિતુ, તે આપવામાં આવે છે.

‘યશસ્’નો અર્થ છે કઠોર પરિશ્રમનું ફળ.
તેનો અર્થ છે કે ઘણાં લોકોની સહાય અતિઆવશ્યક છે,
આજે અને દરરોજ.

‘યશસ્’નો અર્થ છે, એ કીર્તિ જે બીજાંઓનું ઉત્થાન કરે છે.
તેનો અર્થ છે કે તે વ્યક્તિગત લાભ વિશે નથી.
અપિતુ, તે છે ઉપલબ્ધિના આનંદમાં બીજાંને સહભાગી બનાવવા.

‘યશસ્’નો અર્થ છે મહાનતાનાં તેજને પ્રાપ્ત કરવું.
તેનો અર્થ છે કે આ પ્રકાશ બધાંને માટે છે,
કારણકે પ્રકાશને કોઈ એક વ્યક્તિ દ્વારા બંધક નથી બનાવી શકાતો.

‘યશસ્’ના પોતાના મર્મમાં, કૃતજ્ઞતા છે.
તેનો અર્થ છે કે યશનો આનંદ ત્યારે જ માણી શકાય છે
જ્યારે બીજાં લોકો જેવાં છે,
તેઓ જે છે
અને તેઓ જે કરે છે તેના માટે
તેમની પ્રશંસા કરવામાં આવે.

‘શ્રી’ના સાચા અર્થને સમજો
અને મહસૂસ કરો કે તમે તેના આલિંગનમાં છો જે સારું અને મહાન છે.

‘યશસ્’ના સાચા અર્થને સમજો
અને મહસૂસ કરો કે તમે તેમની વચ્ચે છો
જેઓ તમારી સાથે
અંધકાર પર પ્રકાશના વિજયનો ઉત્સવ મનાવે છે.

જ્યારે આપણે સંસારની આ ભુલભુલામણીમાં,
રસ્તો શોધવાનું શીખી રહ્યાં છીએ;
જે સંસારમાંથી ઊપજે છે સૌથી વિચિત્ર પરિસ્થિતિઓ
અને પ્રાપ્તિની શ્રેષ્ઠતમ સંભાવનાઓ,
ત્યારે ‘શ્રી’ અને ‘યશસ્’ના મૂર્તરૂપ,
આપણા પરમ પ્રિય ભગવાન નિત્યાનંદ,
તેમની અનંત કૃપા
અને તેમની અહેતુક કરુણામાં
આપણને કુશળ અને સંરક્ષિત રાખે.

© ૨૦૨૦ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.